<u>રેગ્યુ. દિવાની કેસ નં. ૩૮/૨૦૧૩</u>

<u>આંક–પની વચગાળાની મનાઈ અરજી હેઠળનો હુકમ.</u>

૧. આ કામના વાદીની આંક–પની કામચલાઉ મનાઈ હુકમની અરજીની ટૂંકમાં હકિકત એવી છે કે, વાદી દાવાના મથાળે દર્શાવેલ સરનામે રહે છે અને પ્રતિવાદીઓ સાથે રાજકોટમાં આમ્રપાલી સિનેમાની બાજુમાં આવેલ શ્રીજીનગર તરીકે ઓળખાતા વિસ્તારમાં આવેલ જમીન ચો.વા.આ.૬૦ સહિતનું મકાન ખરીદવા અંગે આશરે ૨૫–૨૬ વર્ષ અગાઉ કરાર કરેલ, સદરહુ કરાર અન્વયે તેઓએ પ્રતિવાદીઓને મકાનની કિંમત પેટે અવેજની રકમ રૂા.૯૦,૦૦૦/– જે તે સમયે ચુકવેલ, પ્રતિવાદીએ સદરહુ મકાનનો પ્રત્યક્ષ કબજો વાદીને સોંપી દીધેલ અને ત્યારથી વાદીએ તેમનું દવાખાનુ ચલાવેલ અને હાલ પણ સદરહુ મકાનનો કાયદેસરનો કબજો ભોગવટો વાદીનો છે, સદરહુ મકાનની ઉત્તરે–અન્યની મિલકત, દક્ષિણે– અન્યની મિલકત, પૂર્વે–અન્યની મિલકત તથા પશ્ચિમે–રસ્તો આવેલ છે, આ કામના પ્રતિવાદી નં.૨ વાદીના સગા ભાઈ થાય છે, રાજકોટના રે.સ.નં.૪૬૬ના પ્લોટસની જમીન સામે ફાળવેલ જમીન ટી.પી.સ્કીમ નં.૧ના ફાઈનલ પ્લોટ નં.૯૨૫ ની જમીન ચો.મી. ૮૭૪–૦૦ આશરે ચો.વા.આ. ૧૦૪૪–૦૦ પ્રતિવાદી નં.૨ની માલીકીની આવેલ, ત્યારબાદ પ્રતિવાદી નં.૨નાએ સદરહુ જમીનમાં મકાનોનું બાંધકામ કરવા રજી. કરારનામુ નં.૧૧૨૨ તા. ૨૪/૨/૧૯૮૩નું નથવાણી રાઠોડ એન્ડ કંપનીના નામથી ચાલતી રજી. ભાગીદારી પેઢીના મુખ્ય વહીવટકર્તા અને ભાગીદાર હરજીવન માવજીભાઈ રાઠોડ સાથે કરેલ અને તે અન્વયે સદરહુ જમીનમાં મકાનોનું બાંધકામ કરી મકાનોનું વેંચાણ પ્રતિવાદીઓએ સંયુકત રીતે કરેલ, વાદીએ પ્રતિવાદી સાથે થયેલ મૌખિક કરાર અંગે અવેજની ચુકવેલ રકમ રૂા.૯૦,૦૦૦/– ની પહોંચની માંગણી કરતા અને વેચાણ દસ્તાવેજની માંગણી કરતા, પ્રતિવાદીઓએ જણાવેલ કે તમે ઘરના માણસ છો, તમારા જોગ વેચાણ દસ્તાવેજ કરવાની શું ઉતાવળ છે, તમારા જોગનો વેચાણ દસ્તાવેજ કરી આપશું તેવુ આશ્વાસન આપી બહાના બતાવી સમય પસાર

કરેલ અને વર્ષો સુધી વાદીએ પ્રતિવાદીઓ પર સંબંધના દાવે વિશ્વાસ રાખી વાદીએ તેમના જોગનો વેચાણ દસ્તાવેજ કરી આપવા કોઈ કાનુની કાર્યવાહી કરેલ નહીં, પ્રતિવાદીઓએ એકસંપ કરી વાદીને તથા પ્રતિવાદી નં.૨ને પ્રતિવાદી નં.૧ એ તા.૧૩/૦૭/૨૦૧૨ના રજી. એ.ડી. થી નોટીસ મોકલાવેલ અને તેમાં જણાવ્યા મુજબ પ્રવિણભાઈ ડાંગર નામની વ્યકિતને વાદીના કબજા ભોગવટાવાળુ મકાન વેચાણ આપેલ છે અને કબજો ૩૦ દિવસમાં ખાલી કરી આપવા જણાવેલ છે અને મકાન પરત્વેના વાદીના કાયદેસરના માલીકી અને કબજા ભોગવટાના હકકોને ડુબાડી દેવા માટે પ્રતિવાદીઓએ એકસંપ કરી નોટીસ આપેલ છે, જે નોટીસનો કોઈ જવાબ વાદીએ ન આપતા ફરીથી તા.૦૬/૦૨/૨૦૧૩ના રોજ પ્રતિવાદીઓએ એકસંપ કરી નોટીસ મોકલાવેલ છે અને તે નોટીસમાં જણાવ્યા મુજબ જે તે સ્થિતિમાં મકાન વેચાણ કરવાની ફરજ પડશે તેવું જણાવેલ, દાવાવાળી મિલકત વાદીને વેચાણ કરી અવેજની રકમ સ્વીકારી યેનકેન પ્રકારે સમય પસાર કરી વાદી જોગ વેચાણ દસ્તાવેજ કરી આપેલ નહી અને મિલકતની બજાર કિંમત વધી જતા કરારમાંથી છટકવા વેચાણ દસ્તાવેજ કરી આપેલ નથી, વાદી તેમના ભાગના કરારનું પાલન કરવા હરહંમેશ તૈયાર અને ખુશી હતા અને છે, પ્રતિવાદીઓ દાવાવાળી મિલકત અંગે કોઈપણ પ્રકારનું ભ્રામક લખાણ ઉભુ કરશે અગર પ્રવિણભાઈ ડાંગર કે કોઈપણ વ્યકિત સાથે વેચાણ ગીરો ભાડાનો કે કોઈ વ્યવહાર કરશે જેનાથી વાદીઓના કાયદેસરના હકક નષ્ટ પામે અને વાદીની તરફેણમાં ડીક્રી થવાના ઉજળા સંજોગો હોઈ તે પેપર ડીક્રી બની રહે તેવા પ્રયત્નો પ્રતિવાદીઓ કરશે, જેથી હાલનો દાવો લાવવા ફરજ પડેલ છે, વાદીનો પ્રથમદર્શનીય કેસ છે, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં છે અને વાદીના કબજા ભોગવામાં આવેલ દાવાવાળી મિલકત વર્ષો અગાઉ પ્રતિવાદીઓ પાસેથી ખરીદ કરેલ તેમાં વાદીની માલીકી કબજા ભોગવટાના હકક અધિકારો છે તે ડુબાડી દે તો વાદીને નાણામાં ભરપાઈ ન થાય તેવુ નુકશાન થાય તેમ છે અને મલ્ટીપ્લીસીટી ઓફ પ્રોસીડીંગ્સ થાય તેમ છે, જયારે મનાઈહુકમ આપવાથી પ્રતિવાદીઓને કોઈ નુકશાન થાય તેમ નથી, જેથી વાદીએ દાવા સાથે હાલની વચગાળાની મનાઈ હુકમની અરજી દાખલ કરી દાદ માંગેલ છે કે, રાજકોટ શહેરમાં આમ્રપાલી વિસ્તારમાં આવેલ શ્રીજીનગરમાં આવેલ જમીન ચો.વા.આ.૬૦ વાર ઉપરના મકાન

(જેનો હવે પછીથી 'વાદગ્રસ્ત મકાન' તરીકે ઉલ્લેખ કરેલ છે) અંગેનો વાદીનો પ્રત્યક્ષ કબજો ભોગવટો કાયદાની પ્રક્રિયા અનુસર્યા વિના છીનવે નહી અને તેમના કબજા ભોગવટામાં કોઈપણ પ્રકારની અડચણ, અંતરાય કે અવરોધ કરે કરાવે નહી તેવો વચગાળાનો મનાઈહુકમ ફરમાવવા અને વાદગ્રસ્ત મકાન અંગે પ્રતિવાદીઓ જાતે કે તેમના નોકર, એજન્ટ, સગાસંબંધી કે અન્ય કોઈપણ મારફતે કોઈપણ પ્રકારનો વેચાણ, ગીરો, ભાડાનો કે અન્ય કોઈપણ પ્રકારનો વ્યવહાર કરે કરાવે નહી તેમજ ભ્રામણ લખાણો ઉભા કરે કરાવે નહીં તેમજ રેવન્યુ એન્ટ્રીમાં ફેરફાર કરે કરાવે નહીં તેવો કામચલાઉ મનાઈ હુકમ વાદીના લાભમાં અને પ્રતિવાદી વિરૂધ્ધમાં આપવા તથા અરજીને અનુરૂપ મળતી અન્ય તમામ દાદો અપાવવા અરજ ગુજારેલ છે. તેઓએ પોતાની દાવા અરજી તેમજ દરમ્યાન મનાઈ અરજીના સમર્થનમાં નીચે મુજબના દસ્તાવેજી આધારો રજૂ કરેલ છે.

ક્રમ નં.	વિગત	આંક / માર્ક
૧.	પ્રતિવાદી નં.૧ નાએ વાદીને મોકલાવેલ રજી.એ.ડી નોટીસ, તા.૧૩/૦૭/૨૦૧૨ની નકલ	૪/૧
૨.	પ્રતિવાદી નં.૧ નાએ ઉપરોકત નોટીસ સાથે મોકલાવેલ રજી.કરારનામુ અનુ.નં.૧૧૨૨, તા.૨૪/૨/૮૩ની નકલ	૪/૨
૩.	પ્રતિ.નં.૧ નાએ ઉપરોકત નોટીસ સાથે મોકલાવેલ નથવાણી રાઠોડ એન્ડ કુ.ની ભાગીદારીનુ રીટાયરમેન્ટ ડીડ તા.૨૭/૧૨/૮૪ ની નકલ	૪/૩
૪.	પ્રતિ.નં.૧ નાએ ઉપરોકત નોટીસ સાથે મોકલાવેલ વેચાણ દસ્તાવેજ અનુ.નં.૪૩૯૪, તા.૩/૮/૮૪ ની નકલ	૪/૪
૫.	પ્રતિવાદી નં.૧ નાએ વાદીને મોકલાવેલ રજી.એ.ડી નોટીસ, તા.૬/૨/૧૩ ની નકલ	૪/૫
૬.	વાદીએ દાવાવાળી જગ્યામાં પોતાની ડીસ્પેન્સરીનુ ઉદઘાટન કરેલ તેનુ નિમંત્રણ કાર્ડ અને કવર,તા.૧૬/૧૦/૮૩ ની નકલ	૨૧/૧
૭.	દાવાવાળી જગ્યામાં વાદીની ડોકટરી પ્રેકટીસ અંગેનુ વાદીનુ લેટરપેડ	૨૧/૨
૮.	દાવાવાળી જગ્યામાં વાદીની ડોકટરી પ્રેકટીસ અંગેનુ વાદીનુ રિપોર્ટ કવર	૨૧/૩
૯.	દાવાવાળી જગ્યાનુ લાઈટ બિલની નકલ,તા.૧/૧/૧૧	૨૧/૪

૧૦.	**દાવાવાળી જગ્યાનુ લાઈટ બિલની નકલ,તા.૧૨/૫/૧૧**	**૨૧/૫**
૧૧.	**દાવાવાળી જગ્યાનુ લાઈટ બિલની નકલ,તા.૧૩/૭/૧૧**	**૨૧/૬**
૧૨.	**દાવાવાળી જગ્યાનુ લાઈટ બિલની નકલ,તા.૧૪/૧૧/૧૧**	**૨૧/૭**
૧૩.	**દાવાવાળી જગ્યાનુ લાઈટ બિલની નકલ,તા.૨૯/૧૨/૧૧**	**૨૧/૮**
૧૪.	**રાજકોટ મ્યુ.કોર્પો.માં દાવાવાળી જગ્યા અંગે વાદીના નામનો વેરા આકારણીનો હુકમ,તા.૧/૮/૮૯ થી ૧/૮/૯૦ ની નકલ**	**૨૧/૯**
૧૫.	**રાજકોટ મ્યુ.કોર્પો.માં દાવાવાળી જગ્યાનુ વેરા બિલ વાદીના નામનુ ૧૯૯૩–૧૯૯૪ ની નકલ**	**૨૧/૧૦**
૧૬.	**રાજકોટ મ્યુ.કોર્પો.માં દાવાવાળી જગ્યાનુ વેરાની પહોંચ વાદીના નામની તા.૨૪/૧૧/૯૩ ની નકલ**	**૨૧/૧૧**
૧૭.	**રાજકોટ મ્યુ.કોર્પો.માં દાવાવાળી જગ્યાનુ વેરા બિલ વાદીના નામનુ ૧૯૯૫–૧૯૯૬ની નકલ**	**૨૧/૧૨**
૧૮.	**રાજકોટ મ્યુ.કોર્પો.માં દાવાવાળી જગ્યાનુ વેરા બિલ વાદીના નામનુ ૧૯૯૬–૧૯૯૭ની નકલ**	**૨૧/૧૩**
૧૯.	**રાજકોટ મ્યુ.કોર્પો.માં દાવાવાળી જગ્યાનુ પાણીવેરા બિલ વાદીના નામનુ ૧૯૯૭–૧૯૯૮ની નકલ**	**૨૧/૧૪**
૨૦.	**રાજકોટ મ્યુ.કોર્પો.માં દાવાવાળી જગ્યાનુ પાણીવેરાની પહોંચ વાદીના નામની તા.૧૫/૧/૯૮ ની નકલ**	**૨૧/૧૫**
૨૧.	**રાજકોટ મ્યુ.કોર્પો.માં દાવાવાળી જગ્યાનુ વેરા બિલ વાદીના નામનુ ૧૯૯૯ ની નકલ**	**૨૧/૧૬**
૨૨.	**ઉપરોકત બિલ ભર્યાની પહોંચ તા.૧૬/૯/૯૮ ની નકલ**	**૨૧/૧૭**
૨૩.	**રાજકોટ મ્યુ.કોર્પો.માં દાવાવાળી જગ્યાનુ પાણીવેરા બિલ વાદીના નામનુ ૧૯૯૮–૧૯૯૯ની નકલ**	**૨૧/૧૮**
૨૪	**ઉપરોકત બિલ ભર્યાની પહોંચ તા.૧૬/૯/૯૮ ની નકલ**	**૨૧/૧૯**
૨૫.	**રાજકોટ મ્યુ.કોર્પો.માં દાવાવાળી જગ્યાનુ વેરા બિલ વાદીના નામનુ ૧૯૯૯–૨૦૦૦ની નકલ**	**૨૧/૨૦**
૨૬.	**ઉપરોકત બિલ ભર્યાની પહોંચ તા.૧૫/૮/૯૯ ની નકલ**	**૨૧/૨૧**
૨૭.	**રાજકોટ મ્યુ.કોર્પો.માં દાવાવાળી જગ્યાનુ પાણીવેરો ભર્યાની પહોંચ વાદીના નામની તા.૧૫/૬/૯૯ ની નકલ**	**૨૧/૨૨**
૨૮	**રાજકોટ મ્યુ.કોર્પો.માં દાવાવાળી જગ્યાનુ વેરાની પહોંચ વાદીના નામની તા.૩૧/૮/૨૦૦૦ ની નકલ**	**૨૧/૨૩**
૨૯	**રાજકોટ મ્યુ.કોર્પો.માં દાવાવાળી જગ્યાનુ પાણીવેરા બિલ વાદીના નામનુ ૨૦૦૦–૨૦૦૧ની નકલ**	**૨૧/૨૪**
૩૦	**ઉપરોકત બિલ ભર્યાની પહોંચ તા.૩૧/૮/૨૦૦૦ ની નકલ**	**૨૧/૨૫**
૩૧	**રાજકોટ મ્યુ.કોર્પો.માં દાવાવાળી જગ્યાનો વર્ષ ૨૦૦૧**	**૨૧/૨૬**

	–૨૦૦૨ નો વેરો ભર્યાની પહોંચ વાદીના નામની તા.૨૯/૬/૦૧ ની નકલ	
૩૨	રાજકોટ મ્યુ.કોર્પો.માં દાવાવાળી જગ્યાની વર્ષ ૨૦૦૧ –૨૦૦૨ નો પાણી વેરો ભર્યાની પહોંચ વાદીના નામની તા.૩૦/૧૧/૨૦૦૧ ની નકલ	૨૧/૨૭
૩૩	રાજકોટ મ્યુ.કોર્પો.માં દાવાવાળી જગ્યાનો વર્ષ ૨૦૦૨–૨૦૦૩ નો વેરો ભર્યાની પહોંચ વાદીના નામની તા.૧૫/૯/૦૨ ની નકલ	૨૧/૨૮
૩૪	રાજકોટ મ્યુ.કોર્પો.માં દાવાવાળી જગ્યાની વર્ષ ૨૦૦૨–૨૦૦૩ નો પાણી વેરો ભર્યાની પહોંચ વાદીના નામની તા.૧૫/૯/૨૦૦૨ ની નકલ	૨૧/૨૯
૩૫	રાજકોટ મ્યુ.કોર્પો.માં દાવાવાળી જગ્યાનો વર્ષ ૨૦૦૩–૨૦૦૪ નો વેરો ભર્યાની પહોંચ વાદીના નામની તા.૧૫/૯/૦૩ ની નકલ	૨૧/૩૦
૩૬	રાજકોટ મ્યુ.કોર્પો.માં દાવાવાળી જગ્યાની વર્ષ ૨૦૦૩–૨૦૦૪ નો પાણી વેરો ભર્યાની પહોંચ વાદીના નામની તા.૧૫/૯/૦૩ ની નકલ	૨૧/૩૧
૩૭	રાજકોટ મ્યુ.કોર્પો.માં દાવાવાળી જગ્યાનો વર્ષ ૨૦૦૪–૨૦૦૫ નો વેરો ભર્યાની પહોંચ વાદીના નામની તા.૧૫/૯/૦૪ ની નકલ	૨૧/૩૨
૩૮	રાજકોટ મ્યુ.કોર્પો.માં દાવાવાળી જગ્યાની વર્ષ ૨૦૦૪–૨૦૦૫ નો પાણી વેરો ભર્યાની પહોંચ વાદીના નામની તા.૧૫/૯/૦૪ની નકલ	૨૧/૩૩
૩૯	રાજકોટ મ્યુ.કોર્પો.માં દાવાવાળી જગ્યાનો વર્ષ ૨૦૦૫–૨૦૦૬ નો વેરો ભર્યાની પહોંચ વાદીના નામની તા.૧૬/૯/૦૫ ની નકલ	૨૧/૩૪
૪૦	રાજકોટ મ્યુ.કોર્પો.માં દાવાવાળી જગ્યાની વર્ષ ૨૦૦૫–૨૦૦૬ નો પાણી વેરો ભર્યાની પહોંચ વાદીના નામની તા.૧૬/૯/૦૫ ની નકલ	૨૧/૩૫
૪૧	રાજકોટ મ્યુ.કોર્પો.માં દાવાવાળી જગ્યાનો વર્ષ ૨૦૦૬–૨૦૦૭ નો વેરો ભર્યાની પહોંચ વાદીના નામની તા.૨૩/૫/૦૬ ની નકલ	૨૧/૩૬
૪૨	રાજકોટ મ્યુ.કોર્પો.માં દાવાવાળી જગ્યાની વર્ષ ૨૦૦૬–૨૦૦૭ નો પાણી વેરો ભર્યાની પહોંચ વાદીના નામની તા.૨૩/૫/૦૬ ની નકલ	૨૧/૩૭
૪૩	રાજકોટ મ્યુ.કોર્પો.માં દાવાવાળી જગ્યાનો વર્ષ ૨૦૦૭–૨૦૦૮ નો વેરો ભર્યાની પહોંચ વાદીના નામની તા.૧૨/૬/૦૭ ની નકલ	૨૧/૩૮

૪૪	રાજકોટ મ્યુ.કોર્પો.માં દાવાવાળી જગ્યાની વર્ષ ૨૦૦૭–૨૦૦૮ નો પાણી વેરો ભર્યાની પહોંચ વાદીના નામની તા.૧૨/૬/૦૭ ની નકલ	૨૧/૩૯
૪૫	રાજકોટ મ્યુ.કોર્પો.માં દાવાવાળી જગ્યાનો વર્ષ ૨૦૦૮–૨૦૦૯ નો વેરો ભર્યાની પહોંચ વાદીના નામની તા.૭/૫/૦૮ ની નકલ	૨૧/૪૦
૪૬	રાજકોટ મ્યુ.કોર્પો.માં દાવાવાળી જગ્યાની વર્ષ ૨૦૦૮–૨૦૦૯ નો પાણી વેરો ભર્યાની પહોંચ વાદીના નામની તા.૬/૫/૦૮ ની નકલ	૨૧/૪૧
૪૭	રાજકોટ મ્યુ.કોર્પો.માં દાવાવાળી જગ્યાનો વર્ષ ૨૦૦૯–૨૦૧૦ નો વેરો ભર્યાની પહોંચ વાદીના નામની તા.૯/૫/૦૯ ની નકલ	૨૧/૪૨
૪૮	રાજકોટ મ્યુ.કોર્પો.માં દાવાવાળી જગ્યાની વર્ષ ૨૦૦૯–૨૦૧૦ નો પાણી વેરો ભર્યાની પહોંચ વાદીના નામની તા.૯/૫/૦૯ ની નકલ	૨૧/૪૩
૪૯	રાજકોટ મ્યુ. કોર્પો. માં દાવાવાળી જગ્યાનો વર્ષ ૨૦૧૦–૨૦૧૧ નો વેરો ભર્યાની પહોંચ વાદીના નામની તા.૧૬/૬/૧૦ ની નકલ	૨૧/૪૪
૫૦	રાજકોટ મ્યુ. કોર્પો. માં દાવાવાળી જગ્યાની વર્ષ ૨૦૧૦–૨૦૧૧ નો પાણી વેરો ભર્યાની પહોંચ વાદીના નામની તા.૧૬/૬/૧૦ ની નકલ	૨૧/૪૫
૫૧	રાજકોટ મ્યુ.કોર્પો.માં દાવાવાળી જગ્યાનો વર્ષ ૨૦૧૧ –૨૦૧૨ નો વેરો ભર્યાની પહોંચ વાદીના નામની તા.૩૦/૫/૧૧ ની નકલ	૨૧/૪૬
૫૨	રાજકોટ મ્યુ.કોર્પો.માં દાવાવાળી જગ્યાની વર્ષ ૨૦૧૧–૨૦૧૨ નો પાણી વેરો ભર્યાની પહોંચ વાદીના નામની તા.૩૦/૫/૧૧ ની નકલ	૨૧/૪૭
૫૩	વાદીએ દાવાવાળી જગ્યામાં પોતાની ડીસ્પેનસરીનુ ઉદઘાટન કરેલ તેના ફોટોગ્રાફસ કુલ–૩ ફોટોગ્રાફસની નકલ	૨૧/૪૮
૫૪	પ્રતિવાદી નં. ૧નાએ વકીલશ્રી મારફત 'અકિલા' દૈનિકમાં પ્રસિધ્ધ કરાવેલ નોટીસની નકલ.	૧૨/૧

૨. હાલનો દાવો દાખલ થતાં પ્રતિવાદીઓને સમન્સ તથા નોટીસ બજી જતા પ્રતિવાદી નં.૨ તર્ફે આંક–૮થી હાલની અરજીનો જવાબ રજૂ કરવામાં આવેલ છે, જેમાં તેઓએ વાદીની દાવા અરજી તથા મનાઈ હુકમની અરજીના પેરા–૨,૩ ની હકીકતોનો સ્વીકાર કરેલ છે તથા પેરા–૧,૪,૬,૭,૮ અન્વયે જણાવેલ છે કે દાવાવાળી મિલકત ૨૫–૨૬ વર્ષ અગાઉ બન્ને પ્રતિવાદીઓએ મૌખીક કરારથી

વાદી પાસેથી અવેજની રકમ પેટે રૂા.૯૦,૦૦૦/– લઈ તેની પહોંચ આપેલ નથી અને મકાનનો કબજો વાદીને સોંપી આપેલ અને ત્યારથી વાદી તેમાં દાવાખાનુ ચલાવે છે અને મકાનનો પ્રત્યક્ષ કબજો ભોગવટો વાદીનો છે અને વાદીએ કયારેય દાવાવાળા મકાનના કોઈપણ ભાગનો કબજો પ્રતિવાદી નં.ર ને કે પ્રતિવાદી નં.૧ ને પરત સોંપેલ નથી, પ્રતિવાદીઓએ વાદીને દાવાવાળા મકાનનો રજી. વેચાણ દસ્તાવેજ કરી આપવાનો હતો, તે માટે વાદીએ પ્રતિવાદીઓ પાસે અનેક વખત માંગણી કરેલ, પરંતુ હજુ સુધી વેચાણ દસ્તાવેજ થયેલ નથી અને અવેજની પહોંચ તથા રજી.વેચાણ દસ્તાવેજ ફકત પ્રતિવાદી નં.૧ના ખોટા વાંધા વચકા અને ખોટી તકરારને કારણે કરી આપેલ નથી અને પ્રતિવાદી નં.૧ ની અપ્રમાણીકતાના કારણે પ્રતિવાદી નં.ર ના વાદી સાથે તેમના સગા ભાઈ તરીકેના સંબંધો ખુબ જ ખરાબ થઈ ગયેલા છે, પ્રતિવાદી નં.ર નાએ પ્રતિવાદી નં.૧ સાથે એકસંપ કરી વાદીને તા. ૧૩/૦૭/ર૦૧ર તથા તા.૦૬/૦ર/ર૦૧૩ની નોટીસ આપેલાનું ખરુ નથી અને તા.૧ર/૦૩/ર૦૧૩ વાળી નોટીસ પ્રતિવાદી નં.૧ નાએ તેઓને ખોટી હકીકતો વાળી મોકલેલ છે, જે તેઓએ રીફકયુઝ કરેલ છે. પ્રતિવાદી નં.ર તર્ફે નીચે મુજબના દસ્તાવેજી આધારો રજૂ કરેલ છે.

ક્રમ નં.	વિગત	આંક / માર્ક
૧.	પ્રતિવાદી નં.૧ નાએ પ્રતિવાદી નં.રને આપેલ નોટીસ તા.૧ર/૩/૧૩ ની નકલ	૧૦/૧
ર.	ઉપરોકત નોટીસનો રજી.એ.ડી. કવર, તા.૧ર/૩/૧૩ ની નકલ	૧૦/ર
૩.	ઉપરોકત નોટીસનો પ્રતિવાદી નં.ર એ આપેલ રજી.એ.ડી.જવાબ તા.૧૯/૩/૧૩ ની નકલ	૧૦/૩
૪.	ઉપરોકત નોટીસ જવાબનુ રજી.એ.ડી.નુ કવર પ્રતિવાદી નં.૧ નાએ રીફયુઝડ કરતા તે પરત આવેલ તે બંધ કવર તા.૧૯/૩/૧૩ ની નકલ	૧૦/૪

૩. આ કામના પ્રતિવાદી નં.૧નાએ આંક–૧૧થી વાદીના દાવાનો તથા કામચલાઉ મનાઈહુકમની અરજીના જવાબ–વાંધા રજુ કરી તેમાંની તમામ હકીકતોનો ઈન્કાર કરી જણાવેલ છે કે, વાદીના દાવાને જરુરી પક્ષકારોની ખામીનો બાધ તથા ધી

ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટીઝ એકટ, કોન્ટ્રાકટ એકટ તથા સ્પેસીફીક રીલીફ એકટ સહિતના કાયદાઓનો બાધ નડે છે અને ડીલેલેચીઝ એકવાયન્સ અને એસ્પોટલના સિધ્ધાંતોનો બાધ નડે છે, દાવાવાળી મિલકત અંગે વાદી સાથે ૨૫—૨૬ વર્ષ અગાઉ તે કરાર કરેલ હોવાની હકીકત ખોટી અને ઉપજાવી કાઢેલ છે અને તેના અવેજ પેટે રૂા.૯૦,૦૦૦/— વાદીએ ચુકવ્યાની હકીકત ખરી નથી, પ્રતિવાદીઓએ કયારેય મિલકતનો કબજો સોંપેલ નથી અને કહેવાતા કબજાવાળા મકાનમાં વાદીનો કબજો ભોગવટો હોવાનું ખરુ નથી અને તેમાં પ્રત્યક્ષ રીતે દવાખાનું ચલાવતા હોવાનો કોઈ આધાર પુરાવો રજુ કરેલ નથી, દાવાવાળી મિલકતની ચર્તુદિશા ખોટી જણાવેલ છે, તેઓએ પ્રતિવાદી નં.૨ અને વાદીને નોટીસ આપ્યાની હકીકત ખરી છે, પ્રતિવાદી નં.૧ નાએ પ્રતિવાદી નં.૨ સાથે તા.૨૪/૦૨/૧૯૮૩ના રોજ નથવાણી રાઠોડ એન્ડ કુ.નામથી ચાલતી રજી. ભાગીદારી પેઢીના મુખ્ય વહીવટકર્તા અને ભાગીદાર દરજજે રાજકોટના નગર રચના યોજના નં.૧ સર્વે નં.૪૬૬ પૈકી મુળ પ્લોટ નં.૬૫ બીનખેતી થયેલ જમીનના સાર્વજનીક હેતુ વાળી જમીનના ફાઈનલ પ્લોટનં. ૯૨૫ ની જમીન ચો.મી.આ.૮૭૪—૦૦ ચો.વા.આ.૧૦૪૪—૦૦ ડેવલોપ કરવા કાયદાની જોગવાઈઓને અનુસરી રજી. કરાર કરેલ અને તે કરાર મુજબ પ્રતિવાદી નં.૧ નાને પ્લાન મુજબ બાંધકામ કરી તેનો વિકાસ કરી તે જમીન જેની કિંમત દર ચો.વારે રૂા.૩૫૦/—ની કિંમત થાય તે જમીનની કિંમતના અવેજની રકમ ગણી પ્રતિવાદી નં.૨ નાને ચુકવવાની રહે છે તેમજ બાકી રહેતી અવેજની રકમ પ્રતિવાદી નં.૧ નાએ મેળવવાની રહે છે, આમ પ્રતિવાદીનં.૧ નાએ સદરહુ જમીન ઉપરનો વિકાસ કરી અંદાજે ૧૫ કે ૧૬ મકાનો બનાવી પ્રતિવાદી નં.૨ ની સંમતિથી વેંચાણ આપેલ છે, જે હકીકતથી વાદી વાકેફ છે, વાદી પ્રતિવાદી નં.૨ ના ભાઈ થાય છે અને પ્રતિવાદી નં.૨ તેમના સ્વાસ્થ્ય અંગેની તકલીફથી વાકેફ છે અને પ્રતિવાદી નં.૧ છેલ્લા ૮—૧૦ વર્ષથી સુરત મુકામે રહેતા હોય તે તમામ બાબતોનો ફાયદો ઉઠાવી તેમની જાણ અને પરવાનગી વગર વાદગ્રસ્ત મકાન વાદીને ભાઈ તરીકે ફકત થોડા દિવસો માટે વપરાશ માટે આપેલ અને બાદ ખાલી મકાન વેચાણ આપવાનું નકકી થતા પ્રતિવાદી નં.૨ નાએ કબજો સોંપવા અવઢવ ઉભી કરતા પ્રતિવાદી નં.૧ નાએ પ્રતિવાદી નં.૨ નાને અને વાદીએ તા.૧૩/૦૭/૨૦૧૨ તથા તા.૦૬/૦૨/૨૦૧૨ના રોજ નોટીસ આપેલ, તેમ છતા તે નોટીસ મુજબ પાલન કરેલ નહી

અને પ્રતિવાદી નં.૨ અને વાદીએ એકસંપ કરી મીલાપીપણુ કરી વાદગ્રસ્ત મકાન પચાવી પાડવાનો કારસો કરેલ, વાદીને દાવો કરવા કોઝ ઓફ એકશન ઉભુ થતુ નથી, જેથી વાદીની અરજી ખર્ચ સહીત રદ કરવા અરજ કરેલ છે.

૪. પ્રતિવાદીઓના જવાબો બાદ વાદી તર્ફે આંક–૧૫થી કાઉન્ટર એફીડેવીટ રજૂ કરવામાં આવેલ છે, જેમાં તેઓએ પોતાની હાલની અરજીની હકિકતો દોહરાવી પ્રતિવાદી નં.૨ નાએ તેમના જવાબ વાંધામાં જણાવેલ હકીકતો કબુલ રાખેલ છે, જયારે પ્રતિવાદી નં.૧ના જવાબમાંના કથનોનો ઈન્કાર કરેલ છે.

૫.૧ વાદી તર્ફે વિ.વ.શ્રીએ તારીખ ૨૩–૦૭–૨૦૧૫ના રોજ રજુ કરેલ લેખીત દલીલો વંચાણે લીધી, જેનો ટૂંકમાં સારાંશ એવો છે કે, વાદીએ આ કામે માર્ક–૪/૧ થી ૪/૫, ૧૨/૧ અને માર્ક–૨૧/૧ થી ૨૧/૪૮ સુધીના દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે અને આંક–૧૫ થી કાઉન્ટર એફીડેવીટ રજુ કરેલ છે, જયારે પ્રતિવાદી નં.૧ તર્ફે દાવાનો જવાબ અને મનાઈહુકમની અરજીનો જવાબ વાંધા આંક–૧૧ થી રજુ કરેલ છે, તેઓ તર્ફે કોઈ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી, જયારે પ્રતિવાદી નં.૨ તર્ફે આંક–૮ થી જવાબ રજુ કરેલ છે અને માર્ક–૧૦/૧ થી ૧૦/૪ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે, વાદીની દાવા અરજી અને વચગાળાના મનાઈહુકમની અરજીની હકીકતોને તેઓ તર્ફે રજુ કરેલ દસ્તાવેજી પુરાવાથી પુરવાર થાય છે, પ્રતિવાદીએ વાદીને આપેલ નોટીસ પરથી પણ વાદીનો દાવાવાળી મિલકતમાં કબજો ઘણા વર્ષોથી હોવાની હકીકત ફલીત થાય છે, પ્રતિવાદીઓ વાદીનો દાવાવાળા મકાન માંહેનો કાયદેસરનો કબજો ભોગવટો કાયદો હાથમાં લઈ છીનવી લેવા માંગે છે અને તેમની સાથે થયેલ કરારનો અમલ કરવા માંગતા નથી, પ્રતિવાદી નં.૧નાએ આપેલ જાહેર નોટીસ માર્ક–૧૨/૧ જોતા પણ વાદીનો દાવાવાળા મકાન માંહેનો કબજો કબુલ કરવામાં આવેલ છે, ૧૯૮૩ થી વાદીનો કબજો આવેલ છે તેને ૨૦૧૨ ની સાલ સુધી કોઈપણ પ્રકારે ચેલેન્જ કરવામાં આવેલ નથી, ૧૯૮૩ ની સાલમાં દાવાવાળી જગ્યામાં તા.૧૬/૧૦/૧૯૮૩ના રોજ વાદીની ડીસ્પેન્સરીનું ઉદઘાટન કરેલ તેનું નિમંત્રણ કાર્ડ રજુ કરેલ છે, કવર અને ડોકટરની પ્રેકટીસ અંગેનું લેટર પેડ, રિપોર્ટ કાર્ડ વિગેરે માર્ક–૨૧/૧, ૨૨/૨ અને ૨૨/૩ ના દસ્તાવેજો પરથી પણ વાદી ૧૯૮૩ ની દાવાવાળા મકાનમાં કબજો ધરાવતા હોવાનું સાબીત થાય છે, માર્ક–૨૧/૪ થી ૨૧/૮ સુધી રજુ થયેલ લાઈટ બિલો જોતા

તે અસલ બિલો વાદી પાસે છે, જે પરથી દાવાવાળા મકાનનો કબજો વાદી ધરાવતા હોવાનું સાબીત થાય છે, માર્ક–૨૧/૯ થી રા.મ્યુ.કોર્પો.એ વાદીના નામનું વેરા આકારણીનો હુકમ જેનો અમલ તા.૧/૦૮/૧૯૮૯નો છે તેમજ માર્ક–૨૧/૧૦ થી ૨૧/૪૭ના દસ્તાવેજોમાં ૧૯૯૩ થી ૨૦૧૧ સુધીના વેરાના બિલો, પહોંચો અને પાણીના વેરાના બિલો અને તે ભર્યાની પહોંચો જોતા વાદીના નામે મકાનનો વેરો ઘણા વર્ષોથી આપવામાં આવે છે, તેમ છતા પ્રતિવાદીઓ દવારા તે કોઈ વખત ચેલેન્જ કરવામાં આવેલ નથી અને આ બાબત ત્યારે જ શકય બને જયારે પ્રતિવાદીઓએ દાવાવાળુ મકાન વાદીને વેંચાણ આપી દીધેલ હોય અને તે વેચાણ આપવા તેમની સાથે મૌખીક કરાર કરેલ અને તેમની પાસેથી પ્રતિવાદીઓએ રૂા.૯૦,૦૦૦/– અવેજની રકમ સ્વીકારેલ અને વિશ્વાસજન્ય સંબંધ હોવાના કારણે અવેજની રકમની કોઈ પહોંચ આપેલ નહી, જેનો ગેરફાયદો પ્રતિવાદીઓ ઉઠાવવા માંગે છે, દાવાવાળી મિલકત વાદીને વેચાણ કરી અવેજની રકમ સ્વીકારી યેનકેન પ્રકારે સમય પસાર કરી વાદી જોગ વેચાણ દસ્તાવેજ કરી આપેલ નહી અને મિલકતની બજાર કિંમત વધી જતા કરારમાંથી છટકવા વેચાણ દસ્તાવેજ કરી આપેલ નથી, વાદી તેમના ભાગના કરારનું પાલન કરવા હરહંમેશ તૈયાર અને ખુશી હતા અને છે, પ્રતિવાદીઓ દાવાવાળી મિલકત અંગે કોઈપણ પ્રકારનું ભ્રામક લખાણ ઉભુ કરશે અગર પ્રવિણભાઈ ડાંગર કે કોઈપણ વ્યકિત સાથે વેચાણ ગીરો ભાડાનો કે કોઈ વ્યવહાર કરશે જેનાથી વાદીઓના કાયદેસરના હકક નષ્ટ પામે અને વાદીની તરફેણમાં ડીક્રી થવાના ઉજળા સંજોગો હોઈ તે પેપર ડીક્રી બની રહે તેવા પ્રયત્નો પ્રતિવાદીઓ કરશે જેથી હાલનો દાવો લાવવા ફરજ પડેલ છે, વાદીનો પ્રથમદર્શનીય કેસ છે, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીની તરફેણમાં છે અને વાદીના કબજા ભોગવામાં આવેલ દાવાવાળી મિલકત વર્ષો અગાઉ પ્રતિવાદીઓ પાસેથી ખરીદ કરેલ, તેમાં વાદીની માલીકી કબજા ભોગવટાના હકક અધિકારો છે તે ડુબાડી દે તો વાદીને નાણામાં ભરપાઈ ન થાય તેવુ નુકશાન થાય તેમ છે અને મલ્ટીપ્લીસીટી ઓફ પ્રોસીડીંગ્સ થાય તેમ છે, જયારે મનાઈહુકમ આપવાથી પ્રતિવાદીઓને કોઈ નુકશાન થાય તેમ નથી. વાદી તર્ફે પોતાની દલીલોના સમર્થનમાં નીચે મુજબના સાયટેશનો રજૂ કરેલ છે.

1. 1990(4) SCC 147, Para-20

2. 2012(4) CCC 245 - Bombay High Court.
3. 2002(2) SCC 686, Para-8
4. AIR 1987 Guj. 30, Head Note-A
5. AIR 1976 Guj.154 Para-10
6. 2012(3) GLR 2477 Head Note-C
7. 2011(3) CCC 17 (SC)
8. 2004(1) CCC 218 S.C. Para-9

૫.૨ પ્રતિવાદી નં. ૧ તર્ફે વિ.વ.શ્રીએ આંક–૩૮ થી રજુ કરેલ લેખીત દલીલો વંચાણે લીધી, જેનો ટૂંકમાં સારાંશ એવો છે કે, વાદીના કથન મુજબ વાદી સાથે દાવાવાળી મિલકતનો કરાર આશરે ૨૫–૨૬ વર્ષ પહેલા થયેલ છે, પરંતુ તે કરાર કયારે કરવામાં આવેલ તેની કોઈ સ્પષ્ટ વિગતો દર્શાવેલ નથી, કહેવાતો કરાર ૨૫–૨૬ વર્ષ પહેલા થયેલ હોય તો આટલા લાંબા સમય સુધી તેમના જોગ વેચાણ દસ્તાવેજ કરવા કોઈ કાર્યવાહી ન કરવા કોઈ વ્યાજબી કારણ તેમની દાવા અરજીમાં દર્શાવેલ નથી, આ ૨૫–૨૬ વર્ષના સમય–મર્યાદાનો કોઈ ખુલાસો તેમની દાવા અરજીમાં વાદીએ કરેલ નથી, વાદીનો દાવો કઈ રીતે સમય–મર્યાદામાં દાખલ થયેલ છે તેની કોઈ વિગતો વાદીએ દાવા–અરજીમાં દર્શાવેલ નથી, સંપૂર્ણ દાવાઅરજીમાં વાદીએ ૨૫–૨૬ વર્ષનો કોઈ વ્યાજબી ખુલાસો કરેલ નથી, જેથી માત્ર સમય–મર્યાદાના મુદ્દા પરત્વે જ દાવો રદ થાય તેમ છે અને જયાં દાવો જ મંજુર થવાને પાત્ર ન હોય મનાઈહુકમની અરજી મંજુર કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી, વાદીએ દાવા–અરજીમાં ૨૫–૨૬ વર્ષ અગાઉ થયેલ કરાર લેખીત હતો કે મૌખિક તેની વિગત દર્શાવેલ નથી, લેખીત કરાર હોય તો તેની કોઈ નકલ રજુ કરેલ નથી તેમજ મૌખિક કરાર હોય તો તેની કોઈ વિગતો દાવાઅરજીમાં દર્શાવેલ નથી, આવા કહેવાતા કરારના સમર્થનમાં કોઈ ત્રાહિત વ્યકિતએ સોગંદનામુ રજુ કરેલ નથી, વાદીના તમામ મજકુરો જોવામાં આવે તો વાદી કોઈ જગ્યાએ એવુ પ્રસ્થાપિત કરી શકેલ નથી કે વાદી અને પ્રતિવાદીએ દાવાવાળી મિલકત પરત્વે ખરેખર કરાર થયેલ હતો અને જયાં વાદી કરાર સાબીત કરી શકતા ન હોય ત્યારે કરાર પાલનનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી, જેથી તે સંજોગોમાં વાદીની કામચલાઉ મનાઈહુકમની અરજી પણ રદ થવાનેપાત્ર છે. વિશેષમાં વાદીએ દાવા

અરજીમાં જણાવ્યા મુજબ અવેજની રકમ રૂા.૯૦,૦૦૦/– ચૂકવી આપેલ તે અંગેનો કોઈ પુરાવો દાવાના સમર્થનામાં રજુ કરેલ નથી, આવી રકમ કયારે અને કઈ રીતે ચૂકવેલ, રોકડથી ચૂકવેલ કે ચેકથી તેની કોઈ વિગતો દાવા અરજીમાં દર્શાવેલ નથી તેમજ અવેજ ચૂકવાયેલ તે અંગે કોઈ ત્રાહિત વ્યકિતનું સોગંદનામુ રજુ થયેલ નથી, જેથી ખરેખર આવી અવેજની રકમ ચૂકવેલાનું વાદી સાબિત કરી શકતા નથી, તે સંજોગોમાં વાદી સાથે કરાર થયાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી, જેથી પણ વાદીનો દાવો રદ થવાપાત્ર છે. પ્રતિવાદી નં.૧ નાએ તા.૨૮/૦૩/૨૦૧૪ના રોજ વિશેષ દસ્તાવેજી પુરાવા લીષ્ટ રજુ રાખેલ તે લીષ્ટ પૈકીના લાઈટ બિલોની નકલોની વિગતો જોવામાં આવે તો તા.૦૧/૦૧/૨૦૧૧ના લાઈટબિલની નકલ રજુ રાખેલ છે તે જોવામાં આવે તો તેમાં જુલાઈ, ઓગષ્ટ, ઓકટોબર માસમાં કોઈ વિજવપરાશ થયેલ નથી તેમજ મે–૨૦૧૧ ના લાઈટબિલમાં પણ વિજ વપરાશનું રીડીંગ '૦' દર્શાવેલ છે, તે રીતે જુલાઈ–૨૦૧૧ અને નવેમ્બર–૨૦૧૧ના લાઈટબિલની નકલ જોતા પણ મીટર રીડીંગ '૦' દર્શાવેલ છે, ખરેખર વાદી દાવાવાળી મિલકતના કબજામાં હોય તો વિજ વપરાશનું બિલ વપરાશના યુનિટ સાથે અવશ્ય આવવુ જોઈએ, આવુ કોઈ વિજવપરાશનું બિલ કે જે મિલકત વપરાશ કરતા હોય તે રીતનું વાદીએ રજુ કરેલ નથી, જેથી દાવાવાળી મિલકતમાં વાદી કબજામાં હોવાનું માની શકાય તેમ નથી, વાદીએ તેમના દાવાના સમર્થનમાં વેરાના બિલોની પહોંચો રજુ કરેલ છે, પરંતુ વાદી દાવાવાળી મિલકતના માલિક ન હોય આ મિલકતમાં વેરાના બિલ તેમના નામે આવવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી, જેથી આ વેરા બિલો કઈ મિલ્કતના છે તે સાબિત ન થાય ત્યાં સુધી આ અંગેની વિગતો માની શકાય નહીં, વાદીએ દસ્તાવેજી પુરાવા સાથે કોઈ નિમંત્રણ પત્ર (શુભ ઉદઘાટનનો) દસ્તાવેજ રજુ કરેલ છે તે ડિસ્પેન્સરીનો દસ્તાવેજ છે, જયારે દાવાવાળી મિલકત એ રહેણાંકનું મકાન હોય જેથી આ બન્ને મિલકતો અલગ–અલગ છે તેમ સ્પષ્ટ ફલિત થાય છે, તે સંજોગોમાં કોઈ દસ્તાવેજો વાદીને સમર્થન કરે તેમ નથી, વાદી ખરેખર કબજામાં હોય તો તેઓએ સ્થાનીક જગ્યાનું પંચનામુ અવશ્ય કરાવેલ હોત, પરંતુ આવુ કોઈ પંચનામુ પણ વાદી દવારા કરવામાં આવેલ નથી, જેથી સ્પષ્ટ ફલીત થાય છે કે, વાદી દાવાવાળી મિલકતના કબજામાં નથી, વાદીનો પ્રાઈમાફેસી કેસ સાબિત થતો નથી, બેલેન્સ ઓફ કન્વીનીયન્સનો મુદો પણ વાદીની તરફેણમાં ન હોય તેમજ

ઈરરીપેરેબલ લોસ ઓફ ઈન્જરીનો મુદૃો વાદીની તરફેણમાં નથી, જેથી વાદીની મનાઈહુકમની અરજી રદ કરવા અરજ કરેલ છે.

૬. આ અરજીના ન્યાયીક નિર્ણય માટે અત્રેની કોર્ટ સમક્ષ નીચે મુજબના મુદૃાઓ ઉપસ્થિત થાય છે.

૧.	શું વાદીનો પ્રથમદર્શનીય કેસ છે?
૨.	શું અગવડતા સગવડતાની સમતુલા વાદીની તરફેણમાં છે?
૩.	શું વાદીને માગ્યા મુજબનો મનાઈ હુકમ આપવામાં ન આવે તો તેઓને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન જાય તેમ છે?
૪.	શું હુકમ?

૭. ઉપરોકત મુદૃાઓના નિર્ણયો નીચે મુજબના છે.

૧.	હકારમાં.
૨.	હકારમાં.
૩.	હકારમાં.
૪.	આખરી હુકમ મુજબ.

૮. મુદૃા નં. (૧) થી (૩):–

મુદૃા નં. (૧) થી (૩) ની હકિકતો પરસ્પર એકબીજા સાથે અતૂટરીતે સંકળાયેલ હોઈ, બિનજરુરી પુનરાવર્તન ટાળવાના હેતુસર આ તમામ મુદૃાઓની ચર્ચા સંયુકત રીતે કરવામાં આવેલ છે.

૮.૧ આ કામે હાલની અરજી, પ્રતિવાદી નં. ૧,૨ના જવાબો તથા બન્ને પક્ષકારો તર્ફે રજૂ કરવામાં આવેલ દસ્તાવેજી આધારો વંચાણે લીધા તેમજ બન્ને પક્ષકારોની મૌખિક દલીલો ધ્યાને લીધી. પક્ષકારોના પક્ષનિવેદનો મુજબ વાદગ્રસ્ત જમીન મુળ પ્રતિવાદી નં. ૨ ની માલિકીની આવેલ હોવાનું, ટી.પી. સ્કીમ મુજબ તેમાં બાંધકામ કરવા માટે પ્રતિવાદી નં. ૨નાએ પ્રતિવાદી નં. ૧નાઓની ભાગીદારી પેઢી સાથે રજીસ્ટર્ડ કરાર કરેલ હોવાની હકિકત નિર્વિવાદ છે, જે મુજબ પ્રતિવાદી નં. ૧ નાઓની ભાગીદારી પેઢીએ મકાનોનું બાંધકામ કરી મોટા ભાગના મકાનો પ્રતિવાદી નં. ૧ તથા નં. ૨ની સંયુકત સહિઓથી વેચાણ કરેલ હોવાનું નિર્વિવાદ છે. વધુમાં વાદી તથા પ્રતિવાદી નં. ૨ બન્ને સગાભાઈઓ હોવાની તથા પ્રતિવાદી નં. ૨ ચાલુ કામે અવસાન પામના તેઓની સામેનો કેસ એબેટ થયેલ હોવાની હકિકત પણ

નિર્વિવાદ છે. વાદીના પક્ષનિવેદન મુજબ વાદગ્રસ્ત મકાન તેઓએ પ્રતિવાદીઓ પાસેથી ૨૫–૨૬ વર્ષ પહેલાં મૌખિક કરારથી રુ. ૯૦,૦૦૦/– માં ખરીદ કરેલ છે, અવેજની સંપુર્ણ રકમ તેઓએ પ્રતિવાદીઓને ચુકવી આપેલ છે તેમજ વાદગ્રસ્ત મકાનનો પ્રત્યક્ષ કબજો વાદીને સોંપી આપવામાં આવેલ છે અને ત્યારથી વાદી વાદગ્રસ્ત મકાનમાં પોતાનું દવાખાનું ચલાવે છે અને આમ, વાદગ્રસ્ત મકાનનો વાદીનો કબજો છેલ્લા ૨૫–૨૬ વર્ષથી હોવાનું વાદીનું કથન છે. પ્રતિવાદી નં. ૨નો જવાબ વંચાણે લેવામાં આવે તો તેઓએ વાદીના દાવાની તથા હાલની અરજીની મોટા ભાગની હકિકતોનો સ્વિકાર કરી પરોક્ષરીતે વાદીને મદદરૂપ પ્લીડીંગ રજૂ કરેલ છે, જયારે પ્રતિવાદી નં. ૧ તર્ફે આંક–૧૧થી રજૂ કરેલ જવાબ ધ્યાને લેવામાં આવે તો વાદગ્રસ્ત મકાનનો કબજો વાદી પાસે નહિં હોવાનું તેઓએ જણાવેલ છે. પ્રતિવાદી નં. ૧ તર્ફે આ કામે કોઈ દસ્તાવેજી આધારો રજૂ કરવામાં આવેલ નથી, પરંતુ વાદગ્રસ્ત મકાનના કબજા સંદર્ભે આ કામે રજૂ કરવામાં આવેલ દસ્તાવેજી આધારો ધ્યાને લેવામાં આવે તો વાદીએ માર્ક–૪/૧થી પ્રતિવાદી નં. ૧ નાએ તેઓને તથા પ્રતિવાદી નં. ૨ને આપેલ નોટીસ રજૂ કરેલ છે, જેમાં વાદગ્રસ્ત મકાનનો કબજો ઘણા સમયથી વાદી પાસે હોવાનું અને દિન–૩૦ માં કબજો ખાલી કરી આપવા તેઓએ જણાવેલ હોવાનું જણાઈ આવે છે. જો કે, આવો વાદી પાસેનો કબજો ગેરકાયદેસરનો હોવાનું પ્રતિવાદી નં. ૧નાએ જણાવેલ છે. વધુમાં વાદી તર્ફે રજૂ કરવામાં આવેલ માર્ક–૪/૨ વાળો દસ્તાવેજ ધ્યાને લેવામાં આવે તો પ્રતિવાદી નં. ૨નાએ પોતાની જમીન મકાનો બનાવી ડેવલપ કરવા માટે પ્રતિવાદી નં. ૧ની ભાગીદારી પેઢી સાથે કરેલ કરાર છે અને આવી હકિકત બન્ને પક્ષકારો વચ્ચે નિર્વિવાદ હોઈ, તે અંગે વિશેષ ચર્ચા કરવામાં આવેલ નથી. માર્ક–૪/૩ થી પ્રતિવાદી નં. ૧ની ભાગીદારીના રીટાયરમેન્ટ ડીડની નકલ રજૂ કરેલ છે, પરંતુ સદરહુ દસ્તાવેજ ફેકટ ઈન ઈશ્યુ સાથે આ તબકકે રીલેવન્ટ નહિં હોવાનું જણાઈ આવે છે અને તેથી તે અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવેલ નથી. વાદી તર્ફે માર્ક–૪/૪થી રજૂ દસ્તાવેજ મુજબ વાદગ્રસ્ત મકાન જેવા જ મકાનનો ત્રાહિત સાથેના વેચાણ દસ્તાવેજની નકલ છે, જે મુજબ વાદગ્રસ્ત મકાનની કિંમત રુ. ૯૦,૦૦૦/– હોવાનું વાદી તર્ફે દર્શાવવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે. વાદી તર્ફે રજૂ માર્ક–૪/૫ વાળી નોટીસ ધ્યાને લેવામાં આવે તો તારીખ

૦૬–૦૨–૨૦૧૩ના રોજ પ્રતિવાદી નં. ૧નાએ વાદી તથા પ્રતિવાદી નં. ૨ જોગ ઈશ્યુ કરેલ નોટીસ છે, જે મુજબ પણ વાદગ્રસ્ત મકાનનો કબજો છેલ્લા ઘણા સમયથી વાદી પાસે હોવાનું અને તે દિન–૧૫ માં ખાલી કરી આપવા પ્રતિવાદી નં. ૧નાએ જણાવેલ હોવાનું જણાઈ આવે છે. વધુમાં માર્ક–૪/૧ તથા ૪/૫ વાળી નોટીસો પ્રતિવાદી નં. ૧નાએ આપેલ હોવાનું તેઓએ પોતાના આંક–૧૧ વાળા જવાબમાં સ્વિકારેલ છે અને આમ, વાદગ્રસ્ત મકાનનો કબજો વાદી પાસે છેલ્લા ઘણા સમયથી હોવાનું પ્રથમદર્શનીય રીતે ફલિત થાય છે. વધુમાં આવો કબજો મૌખિક સાટાખતના આધારે પ્રતિવાદી નં. ૧નાને ૧૯૮૩ની સાલમાં આપેલ હોવાનું પ્રતિવાદી નં. ૨નાએ પોતાના જવાબમાં સ્વિકારેલ છે. જો કે, પ્રતિવાદી નં. ૨ વાદીના સગા ભાઈ હોઈ, તેઓના કથનને અન્ય સમર્થનકારી પુરાવો ન હોય તો સ્વિકારવું યોગ્ય નથી, પરંતુ આ કામે ઉપરોકત દસ્તાવેજી આધારો મુજબ તથા પ્રતિવાદી નં. ૧નાએ આપેલ નોટીસો મુજબ પણ વાદગ્રસ્ત મકાનનો કબજો વાદીનો હોવાનું પ્રથમદર્શનીય રીતે ફલિત થાય છે. વધુમાં વાદી તર્ફે માર્ક–૧૨/૧થી તારીખ ૨૮–૦૭–૨૦૧૨ની જાહેર ચેતવણીની નકલ રજૂ કરેલ છે, જે જાહેર ચેતવણી પ્રતિવાદી નં. ૧નાએ 'અકિલા' સમાચારપત્રમાં આપેલ છે અને તેમાં જણાવ્યા મુજબ પણ વાદગ્રસ્ત મકાનનો કબજો વાદીનો છે. વાદી દ્વારા તારીખ ૧૬–૧૦–૧૯૮૩ના રોજના ઉદઘાટનના નિમંત્રણ કાર્ડની નકલ રજૂ કરેલ છે, જેમાં પણ વાદગ્રસ્ત મકાનનું સરનામું લખવામાં આવેલ છે. માર્ક–૨૧/૨ થી વાદીનું જૂનુ લેટરપેટ રજૂ કરવામાં આવેલ છે. જો કે તેના પરથી સમયગાળો નિશ્ચિત થતો નથી. માર્ક–૨૧/૩થી વાદીનું ડોકટરી સર્ટીફીકેટ અંગેનું રીપોર્ટ કવર રજૂ કરવામાં આવેલ છે, જેમાં પણ વાદગ્રસ્ત મકાનનું સરનામું દર્શાવવામાં આવેલ છે. માર્ક–૨૧/૪ થી ૨૧/૮ સુધીના ઈલેકટ્રીક બિલો તથા તેની પહોંચોની નકલો રજૂ કરેલ છે. જો કે, તે પ્રતિવાદી નં. ૧ના નામે છે, પરંતુ સદરહુ દસ્તાવેજો વાદીના કબજામાંથી રજૂ થયેલ છે. માર્ક–૨૧/૯થી વાદગ્રસ્ત મકાન અંગે વાદીના નામના વેરા આકારણી હુકમની નકલ રજૂ કરવામાં આવેલ છે, જે મુજબ ૧૯૯૦ ની સાલમાં મ્યુનિ. કોર્પોરેશનમાં કરદાતા તરીકે વાદીનું નામ ચાલતુ હોવાનું ફલિત થાય છે. વાદી તર્ફે રજૂ કરવામાં આવેલ માર્ક–૨૧/૧૦ થી ૨૧/૪૭ વાળા દસ્તાવેજી આધારો ધ્યાને લેવામાં આવે તો તે રાજકોટ મ્યુનિ. કોર્પોરેશન દ્વારા ઈશ્યુ કરવામાં

આવેલ મિલ્કત વેરો તથા પાણી વેરાના બિલો તથા તેની પહોંચો છે, જે સને ૧૯૯૩–૧૯૯૪ થી ૨૦૧૧ સુધીની છે. જો કે, મ્યુનિ. કોર્પોરેશનના સદરહુ દસ્તાવેજો વાદગ્રસ્ત મકાનના નહિં હોવાનો પ્રતિવાદી નં. ૧નો બચાવ છે, પરંતુ તે સંદર્ભે પ્રતિવાદી નં. ૧ તર્ફે કોઈ દસ્તાવેજી આધાર રજૂ કરવામાં આવેલ નથી કે કોઈ સોગંદનામાઓ રજૂ કરવામાં આવેલ નથી. વળી, તેઓના જવાબમાંની હકિકતો તેઓએ પોતે ઈશ્યુ કરેલ માર્ક–૪/૧ તથા ૪/૫ વાળી નોટીસોથી વિપરીત છે અને આમ, સદરહુ દસ્તાવેજી આધારો મુજબ પણ વાદગ્રસ્ત મકાનનો કબજો સને ૧૯૮૩થી વાદી પાસે હોવાનું પ્રથમદર્શનીય રીતે માનવાને કારણ રહે છે. વધુમાં વાદી તર્ફે માર્ક–૨૧/૪૮થી વાદગ્રસ્ત મકાન (દવાખાના)ના ફોટોગ્રાફસ રજૂ કરેલ છે. આમ, સદરહુ દસ્તાવેજી આધારો ધ્યાને લેતા વાદગ્રસ્ત મકાનનો કબજો વાદીનો પ્રથમદર્શનીય હોવાનું માની શકાય તેમ છે. વળી, વાદીનો આવો કબજો ગેરકાયદેસરનો હોવાનું જણાવી પ્રતિવાદી નં. ૧નાએ સને ૨૦૧૨ અને ત્યારબાદ સને ૨૦૧૩માં વાદીને તથા પ્રતિવાદી નં. ૨ને નોટીસો ઈશ્યુ કરેલ છે. ત્યાં સુધી પ્રતિવાદી નં. ૧નાએ પણ કોઈ કાર્યવાહી કરેલ નથી. જો કે, પ્રતિવાદી નં. ૧નો એવો બચાવ છે કે, વાદીએ પણ કરારના વિશિષ્ટ પાલનનો દાવો સમયમર્યાદા બાદ દાખલ કરેલ છે અને તેથી તે ટકવાપાત્ર નથી, પરંતુ વાદીના કથન અને પ્લીડીંગ મુજબ વાદી તથા પ્રતિવાદી નં. ૨નાઓ સગાભાઈઓ છે, પ્રતિવાદી નં. ૨ ની માલિકીની જગ્યામાં બાંધકામ કરવા માટે પ્રતિવાદી નં. ૨ તથા પ્રતિવાદી નં. ૧ વચ્ચે રજીસ્ટર્ડ કરાર થયેલ છે અને તેથી સંબંધના કારણે વાદીએ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લીધેલ નહિં હોવાનું, પોતે ચુકવેલ અવેજની રકમની પહોંચ મેળવેલ નહિં હોવાનું વાદીનું કથન પ્રથમદર્શનીય રીતે નહિં માનવાને કારણ રહેતું નથી. આમ, વાદગ્રસ્ત મકાનમાં વાદીનું સેટલ્ડ પઝેશન હોવાનું માની શકાય તેમ છે. વધુમાં પ્રતિવાદી નં. ૧નો એવો બચાવ છે કે, વાદીએ મકાન વેચાણનો કરાર લેખિત કરેલ છે કે મૌખિક તે દાવાઅરજીમાં જણાવેલ નથી અને જો લેખિત કરાર હોય તો તેની કોઈ નકલ રજૂ કરેલ નથી, પરંતુ વાદીનું પ્લીડીંગ ધ્યાને લેવામાં આવે તો આવો કરાર મૌખિક હોવાનું વાદીએ સ્પષ્ટપણે પોતાની દાવાઅરજીમાં તથા હાલની વચગાળાના મનાઈ હુકમની અરજીમાં જણાવેલ છે. વધુમાં મૌખિક કરાર સંદર્ભે વાદી તર્ફે રજૂ કરવામાં આવેલ *1990(4) SCC 147 - Brij Mohan v.*

Sugra Begum **વાળુ જજમેન્ટ ધ્યાને લેવામાં આવે તો તેમાં પારા–૨૦ માં નીચે મુજબનો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે.**

> 20. We have given our careful consideration to the arguments advanced by learned counsel for the parties and have thoroughly perused the record. We agree with the contention of the learned counsel for the appellants to the extent that there is no requirement of law that an agreement or contract of sale of immovable property should only be in writing. However, in a case where the plaintiffs come forward to seek a decree for specific performance of contract of sale of immovable property on the basis of an oral agreement alone, heavy burden lies on the plaintiffs to prove that there was consensus ad idem between the parties for a concluded oral agreement for sale of immovable property. Whether there was such a concluded oral contract or not would be a question of fact to be determined in the facts and circumstances of each individual case. It has to be established by the plaintiffs that vital and fundamental terms for sale of immovable property were concluded between the parties orally and a written agreement if any to be executed subsequently would only be a formal agreement incorporating such terms which had already been settled and concluded in the oral agreement.

આમ, ઉપરોકત સિધ્ધાંત મુજબ સાટાખત મૌખિક પણ હોઈ શકે, પરંતુ તે પુરવાર કરવાનો વાદી ઉપર ખૂબ જ ભારે બોજો રહેલ છે. વધુમાં તે મુજબનો જ સિધ્ધાંત વાદી દ્વારા રજૂ કરવામાં આવેલ *2012(4) CCC 245* **વાળા જજમેન્ટમાં પણ પ્રસ્થાપિત કરવામાં આવેલ છે. વધુમાં પ્રતિવાદી નં. ૧ દ્વારા કરારના વિશિષ્ટ પાલનના દાવા સંદર્ભે સમયમર્યાદાનો બાધ હોવાનું જણાવવામાં આવેલ છે, જેના સંદર્ભે વાદી દ્વારા** *2002(2) SCC 686* **વાળા નામદાર સુપ્રિમકોર્ટના જજમેન્ટના પારા–૭ તરફ અત્રેની કોર્ટનું ધ્યાન દોરેલ છે, જે પારા–૭માં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત અત્રે રીપ્રોડયુસ કરેલ છે.**

> "It is a well-settled principle that in the case of sale of immovable property, time is never regarded as the essence of the contract. In fact, there is a

presumption against time being the essence of the contract. ...."

વધુમાં ઉપર કરવામાં આવેલ ચર્ચા મુજબ પક્ષકારો વચ્ચેના સંબંધો એ *fiduciary relations* **પ્રકારના સંબંધો છે અને તેથી દસ્તાવેજ કરાવવાની ઉતાવળ વાદીએ નહિં કરેલ હોવાનું વાદીનું કથન આ તબકકે નહિં માનવાને કોઈ કારણ રહેતું નથી. વધુમાં પ્રતિવાદી નં. ૧ તર્ફે આંક–૨૧થી વાદી દ્વારા રજૂ કરવામાં આવેલ દસ્તાવેજી આધારો પૈકીના ઈલેકટ્રીસીટી બિલો તરફ ધ્યાન દોરી જણાવેલ છે કે, સદરહુ બિલો પ્રતિવાદી નં. ૧ના નામે છે, જેના સંદર્ભે વાદી દ્વારા** *AIR 1987 Guj. 30* **વાળુ જજમેન્ટ રજૂ કરવામાં આવેલ છે અને તેમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો મુજબ માત્ર કેટલાક દસ્તાવેજી આધારો કબજેદારના નામે ટ્રાન્સફર થયેલ નહિં હોવામાત્રથી તેઓ ગેરલાભ લઈ શકાય નહિં. હાથ પરના કેસમાં લાઈટ બિલો પ્રતિવાદી નં. ૧ના નામના છે, પરંતુ મ્યુનિ. કોર્પોરેશનના બિલો તથા પહોંચોમાં ૧૯૮૩ થી ૨૦૧૧ સુધી વાદગ્રસ્ત મકાન સંદર્ભે વાદીનું નામ ચાલે છે અને તેથી પ્રતિવાદી નં. ૧ની સદરહુ દલીલ આ તબકકે માનવા યોગ્ય જણાતી નથી. વધુમાં વાદી તર્ફે પક્ષકારોના વિશ્વાસ આધારિત સંબંધો સંદર્ભે** *AIR 1976 Guj. 154* **વાળુ જજમેન્ટ રજૂ કરેલ છે, જે માનસહ વંચાણે લેવામાં આવેલ છે તેમજ હાથ પરના કેસમાં પણ પક્ષકારો વચ્ચેના સંબંધો વિશ્વાસ આધારિત છે, જેમાં પ્રતિવાદી નં. ૨ વાદીના ભાઈ છે તેમજ પ્રતિવાદી નં. ૧ તથા પ્રતિવાદી નં. ૨ વચ્ચે વાદગ્રસ્ત મકાન સહિતના મકાનો બાંધવાનો રજીસ્ટર્ડ કરાર થયેલ છે. વધુમાં વાદીનું વાદગ્રસ્ત મકાનનું સેટલ્ડ પઝેશન હોવાનું વાદીનું પ્લીડીંગ છે તેમજ પ્રથમદર્શનીય રીતે વાદીનું સેટલ્ડ પઝેશન હોવાનું અત્રેની કોર્ટને માનવાને કારણ રહે છે, જેના સંદર્ભે વાદી તર્ફે રજૂ કરવામાં આવેલ** *2012(3) GLR 2477* **વાળુ જજમેન્ટ વંચાણે લેવામાં આવે તો તેમાં નીચે મુજબનો સિધ્ધાંત પ્રસ્થાપિત કરવામાં આવેલ છે.**

(C) Civil Procedure Code, 1908 (5 of 1908) - Order 39, Rules 1 & 2 - Interim injunction - Held, settled possession require to be protected by Court against threat of forcible dispossession pending suit.

હાથ પરના કેસમાં વાદીનું વાદગ્રસ્ત મકાનમાં સેટલ્ડ પઝેશન હોવાનું અત્ર

ેની કોર્ટનું નમ્રપણે માનવું છે અને તેથી સદરહુ જજમેન્ટમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત વાદીના કેસને લાગુ પડે છે તેવું અત્રેની કોર્ટનું માનવું છે. વાદી તર્ફે રજૂ કરવામાં આવેલ *2004(1) CCC 218* વાળા જજમેન્ટમાં પણ ઉપર મુજબનો જ સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે અને તેથી પુનરાવર્તનના દોષને ટાળવા સારુ તેની વિગતવાર ચર્ચા કરવામાં આવેલ નથી. પ્રતિવાદીની લેખિત દલીલમાં તેઓએ કુલ ત્રણ મુદ્દાઓ પ્રમાણે વાદીનો દાવો ચાલવાપાત્ર નહિં હોવાનું જણાવેલ છે, જે પૈકી સમયમર્યાદાના મુદ્દા તરફ અત્રેની કોર્ટનું ધ્યાન દોરવામાં આવેલ છે, પરંતુ *Whether time is essence of the contract or not and the issue of limitation is a mixed question of facts and law* હોવાથી આ તબકકે તે કારણ સબબ વાદીના સેટલ્ડ પઝેશનને ડીસ્ટર્બ કરવું ન્યાયોચિત જણાતું નથી. વધુમાં પ્રતિવાદી નં. ૧ તર્ફે વાદીએ સાટાખતની નકલ રજૂ કરેલ નહિં હોવાની દલીલ કરેલ છે, પરંતુ ઉપર કરવામાં આવેલ ચર્ચાનુસાર વાદીના પ્લીડીંગ મુજબ મૌખિક સાટાખત થયેલ છે અને તેથી આ તબકકે સદરહુ દલીલ અસ્થાને છે. વધુમાં અવેજ સંદર્ભેના દસ્તાવેજની પણ પ્રતિવાદી નં. ૧ તર્ફે દલીલ કરવામાં આવેલ છે, પરંતુ ઉપરોકત ચર્ચાનુસાર પક્ષકારો વચ્ચે *fiduciary relations* હોવાનું અત્રેની કોર્ટે માનેલ છે. વધુમાં દલીલ ખાતર સાટાખત તથા અવેજ વિગેરેની વાદીની હકિકતો માનવામાં ન આવે તો પણ વાદીના પ્લીડીંગ, પ્રતિવાદી નં. ૧નાએ આપેલ નોટીસો તથા દસ્તાવેજી આધારો મુજબ વાદી સને ૧૯૮૩થી વાદગ્રસ્ત મકાનના પઝેશનમાં હોઈ, કાયદાકીય પ્રક્રિયા અનુસર્યા સિવાય તેઓને ડીસ્પઝેશ કરી શકાય નહિં તેવો કાયદાનો ખૂબ જ પ્રચલિત સિધ્ધાંત છે. આમ, ઉપરોકત ચર્ચાનુસાર વાદીનો પ્રથમદર્શનીય કેસ છે. જો તેઓના પઝેશનને આ તબકકે પ્રોટેકટ કરવામાં ન આવે અને તેઓની પાસેથી બળજબરીથી કબજો લઈ લેવામાં આવે અથવા વાદગ્રસ્ત મકાનને તબદીલ કરવામાં આવે કે તેના ઉપર કોઈ બોજો ઉત્પન્ન કરવામાં આવે તો તેઓને અગવડતા ઉભી થાય તેમ છે તેમજ તેઓને જો કાયદાની પ્રક્રિયા અનુસર્યા સિવાય ડીસ્પઝેશ કરવામાં આવે તો તેઓને નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન જવાની સંભાવના રહેલી છે, જેવી કોઈ સંભાવના પ્રતિવાદી નં. ૧ને રહેલ નથી અને આમ, ઉપરોકત ચર્ચાનુસાર મુદ્દા નં. (૧) થી (૩)નો જવાબ તે રીતે હકારમાં આપી મુદ્દા નં. (૪)

પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

– :: <u>આખરી હુકમ</u> :: –

વાદીની હાલની આંક–૫ વાળી કામચલાઉ મનાઈ હુકમની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

વધુમાં પ્રતિવાદીઓને આથી આદેશ આપવામાં આવે છે કે, તેઓએ દાવો ચાલતા દરમ્યાન રાજકોટ શહેરમાં આમ્રપાલી વિસ્તારમાં શ્રીજીનગરમાં આવેલ જમીન ચો.વા.આ. ૬૦ ઉપરના મકાનનો વાદીનો પ્રત્યક્ષ કબજો ભોગવટો હોઈ, કાયદાની પ્રક્રિયા અનુસર્યા વગર તે કબજો છીનવવો નહિં, વાદીના કબજા ભોગવટામાં કોઈપણ પ્રકારની અડચણ, અંતરાય કે અવરોધ કરવો કરાવવો નહિં તેમજ સદરહુ વાદગ્રસ્ત મકાન અંગે પ્રતિવાદીઓએ જાતે કે તેમના નોકર, એજન્ટ, સગાસંબંધી કે અન્ય કોઈપણ વ્યકિત મારફત કોઈપણ પ્રકારનો વેચાણ, ગીરો, ભાડાનો કે અન્ય કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવો કરાવવો નહિં તેમજ ભ્રામક લખાણો ઉભા કરવા કરાવવા નહિં, વાદગ્રસ્ત મકાન સંદર્ભેના રેવન્યુ રેકર્ડમાં ફેરફાર કરવા કરાવવા નહિં.

હુકમ આજરોજ તારીખ ૦૬ઠી માહે સપ્ટેમ્બર સને ૨૦૧૭ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ રાજકોટ.
તા. ૦૬/૦૯/૨૦૧૭

(એસ. એમ. ગોવાણી),
૭મા એડી. સીનીયર સીવીલ જજ,
રાજકોટ.
Code: GJ00918